જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૧/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૮૮૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૮૧ | ૪ | ૧૫૨૮૫ | ૧૬૧૧૭ | ૪ | ૧૬૧૨૧ |
| કુલ | | ૩૦૩૫૫ | ૪ | ૩૦૩૫૯ | ૩૯૦૧૨ | ૪ | ૩૯૦૧૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૫ | ૧૦,૩૭,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૨૨ | ૧૩,૨૨,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## મણીનગર પોલીસ સ્ટેશન

## એક્ટીવાની ડેકીમાથી ૩,૬૦,૦૦૦/- રૂપીયાની ચોરી કરનાર ઇસમોને પકડી પાડતી મણીનગર પોલીસ સ્ટેશનની સર્વેલંસ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જે' ડીવીજન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મણીનગર પોલીસ સ્ટેશન પો.ઇન્સ.બી.બી.ગોયલ નાઓએ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે સર્વેલંસ સ્કોડનાં પો.સબ.ઈન્સ. એસ.એસ.ગોસ્વામી તથા સાથેના અ.હે.કો વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા પો.કો.રામજીભાઇ જાગાભાઇ બ.નં.૯૯૦૯ તથા પો.કો.અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા પો.કો.અશોકભાઇ પ્રેમજીભાઇ બ.નં.૪૯૭૩ તથા એલ.આર.દશરથસિંહ કનકસિંહ બ.નં-૧૧૦૨ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ બ.નં.-૧૩૦૬ તથા એલ.આર.મનિષકુમાર દેવજીભાઇ બ.નં.૯૪૧ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા મિલ્કત સબંધી અનડીટેકટ ગુન્હા શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન  કલાક:૧૩/૪૦ વાગે મણીનગર જીરાફ સર્કલ પાસે આવતા સાથેના પો.કો.રામજીભાઇ જાગાભાઇ તથા એલ.આર.દશરથસિંહ કનકસિંહ તથા એલ.આર.જામાભાઇ માત્રાભાઇ નાઓની સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત આધારે કલાક ૧૫/૦૦ વાગે મણિનગર જીરાફ સર્કલ પાસેથી આરોપીઓ (૧) વિજયભાઇ સ/ઓ ચીમનભાઇ જાતે રાઠોડ ઉ.વ.૩૪ ધંધો છુટક મજુરી રહે મહાજન વાસ રામાપીર મંદિરની પાછળ નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર તથા નં (૨) યોગેંદ્ર ઉર્ફે દદુ સ/ઓ કિશોરસીંગ જાતે સીસોદીયા  ઉ.વ.૩૯ ધંધો છુટક મજુરી રહે મહાજન વાસ રામાપીર મંદિરની પાછળ નરોડા પાટીયા સરદારનગર અમદાવાદ શહેર તથા નં-(૩) અવતારસીંગ સ/ઓ પંચમસીંગ જાતે ઘોરીયા ઉ.વ.૩૭ ધંધો મજુરી રહે મ.નં.૩૪૬ બાપુ ગાંધીનગર શાલીમાર ટાઉનશીપની પાછળ ઇંદોર મધ્યપ્રદેશ નાઓએ ગઇ તા-૨૮/૧૦/૨૦૨૦ ના રોજ મણીનગર ચાર રસ્તા બી.આર.ટી.એસ.બસ સ્ટેશનની પાસે આવેલ બેંક ઓફ બરોડાની સામે ફુટપાથ ઉપરથી એક્ટીવાની ડેકીમાથી રોકડ રૂપીયા ૩,૬૦,૦૦૦/-ની ચોરી કરી ભાગી ગયેલ જે ઉપરોક્ત આરોપીઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ રોકડા રૂપીયા ૩,૦૦૦૦૦/-મળી આવેલ તથા ગુનામા વાપરેલ હોંડા યુનીકોન મો.સા. કાળા કલરનુ  નં- GJ 01 SM 1940 જેની કિ.રૂ.૧૦,૦૦૦/-તથા  સફેદ કલરની એક્ટીવા નં- GJ 01 NU 9946 જેની કિ.રૂ.૨૨,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩,૩૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે આજરોજ તા-૦૧/૧૧/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે પકડી પાડી મણિનગર પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૨૨૦૦૭૦૪/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ ના કામે અટક કરી ગુનાનો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે

## કબજે કરેલ મુદ્દામાલ :-

(૧) આરોપીની એક્ટીવાની ડેકીમાથી કબજે કરેલ રોકડા રૂપીયા ૩,૦૦,૦૦૦/-

(૨) ગુનામા વાપરેલ હોંડા યુનીકોન મોસા કાળા કલરનુ નં- GJ 01 SM 1940 જેની કિ.રૂ.૧૦,૦૦૦/-

(૩) ગુનામા વાપરેલ સફેદ કલરની એક્ટીવા નં- GJ 01 NU 9946 જેની કિ.રૂ.૨૨,૦૦૦/-
કુલ્લે મુદ્દામાલ મળી રૂપીયા ૩,૩૨,૦૦૦૦/-ની મત્તાનો

## આરોપીઓનો ગુનાહિત ઇતીહાસ :-

(૧) યોગેંદ્ર ઉર્ફે દદુ સ/ઓ કિશોરસીંગ જાતે સીસોદીયા સને- ૨૦૦૯ માં લક્ષ્ કાંડના કેસમા પકડાયેલ છે અને દસ વર્ષની સજા કાપી સને- ૨૦૧૯ માં બહાર આવી ગુનાને અંજામ આપેલ છે.

(૨) અવતારસીંગ સ/ઓ પંચમસીંગ જાતે ઘોરીયા સને- ૨૦૧૦ માં રોકડ રૂપીયાની ચોરીમા પિતમપુર પોલીસ સ્ટેશન ઇન્દોર ખાતે પાકડાયેલ છે.

(૩) વિજયભાઇ સ/ઓ ચીમનભાઇ જાતે રાઠોડ સને- ૨૦૧૨ માં દેશી દારૂના કેશમા નરોડા પોલીસ સ્ટેશન ખાતે પકડાયેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૧૫૨ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૯૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૬/૨૦૨૦**

**વેજલપુરઃ** મોહંમદમુબીન ઈસ્માઈલભાઈ શેખ (રહે. અમ્માર ડુપ્લેક્ષ પ્રિન્સ ડુપ્લેક્ષ પાછળ બરફની ફેક્ટરી આગળ જુહાપુરા) એ તા.૦૧/૧૧/૨૦૨૦ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૦ સાજના ૬/૩૦ થી તા.૩૧/૧૦/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૮૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૭/૨૦૨૦**

**ઓઢવઃ** આશારામ રૂપારામ ચૌધરી (રહે. સુવાસ ઓરમ ગીરીવર પ્રાઈડ પાસે ઓઢવ) એ તા.૨૮/૧૦/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે રહેણાંકના પાર્કીંગ પોતાની સ્વીફ્ટ ડીઝાઈયર કાર નંબર જીજે ૦૨ બીએચ ૮૦૮૦ કિમત રૂપિયા ૨,૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૯/૧૦/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આશારામ ચૌધરીએ તા.૦૧/૧૧/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.રોહીત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૮૮/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** કુલચંદ સંતરામ યાદવ (ઉ.વ.૪૦) (રહે. ભગવાનપુરા નાના હિંગળજનગર થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભરતભાઈ હરજીભાઈ સોલંકી (ઉ.વ.૫૫) (રહે.દશરથ મુખીની ચાલી બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા એન.અઈ.ડી. પાછળ સ્કાયલાઈન પાસે સી.ડી.નં-૪૭ સામે રીવરફ્રન્ટ વોક-વે ના ઘાટ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**બાપુનગરઃ** નેહાબહેન સોમાભાઇ પટણી (ઉ.વ.૧૭) (રહે. સંજયનગરના છાપરાં રામાપીરના મંદિર પાસે ચાંદાભાઇની ચાલીની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૦ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**ઇસનપુરઃ** રમેશભાઇ ગજેશ્વર લોધા (રહે. ચારભુજાના છાપરાં દશામાના મંદિર પાસે ચંડોળા તળાવ ઇસનપુર) એ બીમારીથી કંટાળી તા.૩૧/૧૦/૨૦૨૦ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે દશામાંના મંદિર પાછળ ચંડોળા તળાવની પાસે બાવળના ઝાડ ઉપર કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી